મહેસાણા, અમદાવાદ, ગાંધીનગર, સુરત, પાટણ, બનાસકાંઠા, સાબરકાંઠા, અરવલ્લીમાં બહોળો ફેલાવો ધરાવતું એકમાત્ર નિષ્પક્ષ અખબાર

સત્ય એના પૂર્ણ સ્વરૂપમાં...

# ગરવી તાકાત

GARVI TAKAT DAILY દૈનિક

તંત્રી : પ્રકાશ આર.ચૌધરી

G T NEWS ગરવી તાકાત LIVE

૦૯-૦૫-૨૦૨૬
શનિવાર

વર્ષ : ૧૨ ★ અંક નં : ૨૧
પેજ : ૪ ★ વિક્રમ સંવત : ૨૦૮૨

ગરવી તાકાત
હવે આંગણીના ટેરવે
તમારા ગામ કે શહેરના સમાચાર વાંચો વેબ પોર્ટલ ઉપર આંગણીના ટેરવે
Garvitakat.com
લિંક પર કલીક કરો અને તમારા ગામના કે શહેરના લેટેસ્ટ સમાચાર તથા ઈ-પેપર તમારા મોબાઈલમાં વાંચો

કાર્યાલય : ૬,અંબિકા કોમ્પ્લેક્ષ, ટી.બી. રોડ, ભમરિયાનાળા પાસે, મહેસાણા-૨ ● ફોન : ૦૨૭૬૨ ૨૪૨૨૦૧ ● મો : ૯૨૨૭૧ ૧૩૫૫૫ ● કિંમત રૂા.૩-૦૦ ● Email : garvitakat1511@gmail.com ● www : garvitakat.com •• RNI No. GUJGUJ/2015/61367






## આત્મનિરીક્ષણને બદલે આરોપોનો આશરો લેવો



પાંચ રાજ્યોમાં વિધાનસભા ચૂંટણી પરિણામો વચ્ચે, વિપક્ષી પક્ષ મોરચા ઈન્ડિયાની અંદર સમગ્ર ચર્ચા પશ્ચિમ બંગાળની આસપાસ કેન્દ્રિત હોય તેવું લાગે છે. તૃણમૂલ કોંગ્રેસના વડા મમતા બેનર્જી અને રાહુલ ગાંધી સહિત અનેક વિપક્ષી નેતાઓએ આરોપ લગાવ્યો કે ભાજપે ચૂંટણી પંચ સાથે મળીને પરિણામોને પ્રભાવિત કરવાનું કાવતરું ઘડ્યું છે. મમતાએ તો એમ પણ કહ્યું કે તેઓ પોતાની હારને ×ષડયંત્ર×નું પરિણામ માને છે. નોંધનીય છે કે ૨૦૧૪ પછીની ઘણી ચૂંટણીઓમાં, વિપક્ષી પક્ષોએ તેમની હારના કારણો વિશે ગંભીર આત્મનિરીક્ષણ કરવાને બદલે આરોપોનો આશરો લીધો છે.

૨૦૧૪ માં ભાજપની પ્રચંડ જીત પછી, ઈવીએમ ચેલેન્જનો મુદ્દો ઉઠાવવામાં આવ્યો હતો, જે દરેક ચૂંટણી હાર પછી સમયાંતરે ફરી ઉભરી આવ્યો છે. જો કે, ચૂંટણી પંચ દ્વારા આયોજિત ૨૦૧૭ માં ×ઈવીએમ ચેલેન્જ× માં, કોઈપણ પક્ષ મશીન ચેડાના પોતાના દાવાઓને સમર્થન આપી શક્યો ન હતો. ત્યારબાદ, સુપ્રીમ કોર્ટના નિર્દેશ હેઠળ વીવીપીએટી સિસ્ટમ વધુ વ્યાપક રીતે લાગુ કરવામાં આવી હતી, પરંતુ ઈફર ચેલેન્જના આરોપો સપાટી પર આવતા રહે છે.

બંગાળમાં, આ મુદ્દો ઈફર ચેડાના આરોપોથી આગળ વધી ગયો છે. હવે વિપક્ષી પક્ષો આરોપ લગાવે છે કે ચૂંટણી પંચે પહેલા સઘન ચકાસણી પ્રક્રિયા હેઠળ લાખો મતદારોના મતોને નકારી કાઢ્યા હતા, અને પછી ચૂંટણી પંચ અને કેન્દ્રીય દળોએ, ભાજપના ઈશારે, ચૂંટણી ગેરરીતિઓ કરી હતી. જો ચૂંટણી પ્રક્રિયા આટલી વ્યાપક રીતે પ્રભાવિત થઈ શકે, તો તમિલનાડુ કે કેરળ જેવા અન્ય રાજ્યોમાં અલગ અલગ પરિણામો કેવી રીતે બહાર આવ્યા? કોંગ્રેસે કેરળમાં જંગી જીત મેળવી.

વિપક્ષ એ હકીકતને નકારે છે કે બંગાળમાં ભાજપની હાજરી કંઈ નવી નથી. પહેલા, જનસંઘ અને પછી ભાજપે હંમેશા ત્યાં પગપેસારો કરવાનો પ્રયાસ કર્યો છે. ૨૦૧૬ ની વિધાનસભા ચૂંટણીમાં, તેણે ૧૦ ટકાથી વધુ મત મેળવ્યા, જે ૨૦૨૧ માં વધીને ૩૭.૯૭ ટકા થયા અને હવે ૪૫.૮૫ ટકા છે. તૃણમૂલ કોંગ્રેસનો મત હિસ્સો ૨૦૨૧ માં ૪૮.૦૨ ટકાથી ઘટીને ૨૦૨૪ માં ૪૦.૮૦ ટકા થયો. પંદર વર્ષનો સત્તા વિરોધી વિરોધ, ભ્રષ્ટાચારના આરોપો, મુસ્લિમ તુષ્ટિકરણ સામે હિન્દુ ધ્રુવીકરણ, મહિલા સુરક્ષા અને કોંગ્રેસ અને ડાબેરીઓનો તૃણમૂલનો વિરોધ મમતા બેનર્જીની હારના કારણોમાં હતા.

ચૂંટણીમાં છેતરપિંડીના આરોપો નવા નથી. તમામ પ્રયાસો છતાં, ચૂંટણી પ્રક્રિયા ક્યારેય સંપૂર્ણપણે દોષરહિત રહી નથી. રસપ્રદ વાત એ છે કે, જ્યારે ૧૯૫૨માં પહેલી ચૂંટણીઓ યોજાઈ હતી, ત્યારે વડા પ્રધાન જવાહરલાલ નેહરુએ ૯ ફેબ્રુઆરી, ૧૯૫૨ના રોજ ચૂંટણી કમિશનર સુકુમાર સેનને પત્ર લખીને જણાવ્યું હતું કે, ×ચૂંટણીઓ કેવી રીતે યોજાઈ રહી છે તે અંગે મને સમયાંતરે વિવિધ ફરિયાદો મળી રહી છે....આજે સવારે મને ઉત્તર પ્રદેશથી ફરિયાદ મળી કે અનેક જગ્યાએ મતપેટીઓ બદલવામાં આવી છે અથવા તેમાં છેડછાડ કરવામાં આવી છે.× ત્યારબાદના વર્ષોમાં, બિહાર અને તમિલનાડુ સહિત અનેક રાજ્યોમાં ચૂંટણીમાં ગેરરીતિઓ થતી રહી.

૧૯૯૫માં, બિહાર વિધાનસભાની ચૂંટણીઓ દરમિયાન, મુખ્ય ચૂંટણી કમિશનરે પહેલીવાર બૂથ કેપ્ચરિંગ અને હિંસા અટકાવવા માટે અનેક તબક્કામાં ચૂંટણીઓ યોજી હતી. રાજ્યમાં મોટા પાયે અર્ધલશ્કરી દળોની તૈનાતી પણ કરવામાં આવી હતી. તે સમયે લાલુ યાદવે ખુલ્લેઆમ ટીએન શેષન વિરુદ્ધ વાત કરી હતી. બંગાળમાં ચૂંટણી હિંસા ચરમસીમાએ પહોંચી હતી. ૨૦૧૪ની લોકસભાની ચૂંટણી દરમિયાન, ચૂંટણી હિંસામાં સાત લોકો માર્યા ગયા હતા અને આશરે ૨,૬૫૨ લોકો ઘાયલ થયા હતા. ૨૦૨૧ની વિધાનસભાની ચૂંટણી દરમિયાન, ૩૦૦ થી વધુ હિંસક ઘટનાઓમાં ૫૮ લોકો મૃત્યુ પામ્યા હતા.

આ સંજોગોમાં, જો કેન્દ્રીય દળોની હાજરી મતદારોને ડર્યા વગર મતદાન કરવા માટે પ્રોત્સાહિત કરે તો તેને કેવી રીતે ખોટું ગણી શકાય? શું આ પણ એક કારણ નથી કે બંગાળમાં પહેલા તબક્કામાં ૯૩.૧૯ ટકા અને બીજા તબક્કામાં ૯૧.૬૬ ટકા મતદાન થયું? નિ:શંકપણે, એસઆઈઆરનો અમલ વધુ સારો હોવો જોઈતો હતો, પરંતુ એસઆઈઆર પર દોષારોપણ કરવાના વિપક્ષી પક્ષોના પ્રયાસો ફક્ત એક એવી વાર્તા બનાવવાનો પ્રયાસ છે જે તેમને ફાયદા કરતાં વધુ નુકસાન પહોંચાડે છે. બિહારમાં પણ આવો જ પ્રયાસ કરવામાં આવ્યો હતો, જ્યાં એસઆઈઆર પછી ૬.૫ મિલિયન લોકોને કાઢી નાખવામાં આવ્યા હતા, પરંતુ તેમના નામ ઉમેરવા માટે સેંકડો ઔપચારિક અરજીઓ પણ કરવામાં આવી ન હતી.

**તંત્રી : પ્રકાશ ચૌધરી**

### ઓપરેશન સિંદૂર પર ત્રણેય દળનો નવો ધડાકો

# ભારતે ૧૩ પાકિસ્તાની વિમાનો અને ૧૧ બેઝને તબાહ કર્યા હતા

## ભારતીય સેના, વાયુસેના અને નૌસેનાએ ઓપરેશન સિંદૂરને ઐતિહાસિક સફળતા ગણાવી : ૬૫% દેશી હથિયારો વડે આતંકી ઠેકાણાં પર હુમલા કરાયા



નવી દિલ્હી, તા.૭

ભારતીય સશસ્ત્ર દળોના વરિષ્ઠ અધિકારીઓએ ઓપરેશન સિંદૂરને ભારતના ઈતિહાસની મહત્વપૂર્ણ ઘટના ગણાવી છે. ગયા વર્ષે પહેલગામમાં થયેલા આતંકી હુમલામાં ૨૬ નિર્દોષ લોકોના મૃત્યુના એક વર્ષ પછી, ત્રણેય સેનાના વડાઓએ ઓપરેશનની સફળતા અને શીખ પર વિગતે ચર્ચા કરી છે.

લેફ્ટનન્ટ જનરલ રાજીવ ઘઈ, એર માર્શલ અવધેશ ભારતી અને વાઈસ એડમિરલ એ.એન. પ્રમોદે સંયુક્ત રીતે જણાવ્યું કે, આ ઓપરેશન આતંકવાદીઓ અને તેમના સમર્થન તંત્ર સામે ભારતની દૃઢ ઈચ્છાશક્તિનું પ્રતીક છે. ભારતે ૧૩ પાકિસ્તાની વિમાનોને તબાહ કર્યા, ૧૧ બેઝને નષ્ટ કર્યા અને ૧૦૦થી વધુ પાકિસ્તાની સૈનિકોને ઠાર માર્યા હતા.

લેફ્ટનન્ટ જનરલ રાજીવ ઘઈ, જે ઓપરેશન સમયે **DGMO** હતા, તેમણે પહેલગામમાં શહીદ થયેલા ૨૬ પરિવારોને શ્રદ્ધાંજલિ આપી હતી. તેમણે કહ્યું હતું કે, ઓપરેશન સિંદૂર ભારતના ઈતિહાસમાં મોટી ક્ષણ સાબિત થઈ છે. સરકારે સેનાને સ્પષ્ટ માર્ગદર્શન અને વ્યાવસાયિક સ્વતંત્રતા આપી હતી, જેના કારણે આખી કાર્યવાહી ખૂબ જ વ્યાવસાયિક રીતે પૂર્ણ થઈ હતી. પાકિસ્તાન તરફથી ભારતીય સૈન્યના ઠેકાણાને નુકસાન પહોંચાડવાનો પ્રયાસ નિષ્ફળ રહ્યો હતો.

લેફ્ટનન્ટ જનરલ રાજીવ ઘઈએ ઓપરેશન સિંદૂરને સૈન્ય અને વ્યૂહાત્મક રીતે 'ગોલ્ડ સ્ટાન્ડર્ડ' ગણાવ્યું હતું. તેમણે જણાવ્યું કે, ઓપરેશન દરમિયાન ૬૫%થી વધુ હથિયારો દેશી હતા, જે આત્મનિર્ભર ભારતની શક્તિ દર્શાવે છે. પાકિસ્તાનને વાતચીત માટે મજબૂર થવું પડ્યું અને ઓપરેશન રોકવાની વિનંતી પણ કરી હતી. જનરલ ઘઈએ સ્પષ્ટ કહ્યું કે, ભારત પોતાની સંપ્રભુતાની રક્ષા હંમેશા દૃઢતા અને વ્યાવસાયિકતા સાથે કરશે. તેમણે ઉમેર્યું કે, ઓપરેશન સિંદૂર અંત નથી, પણ નવી શરૂઆત છે.

એર માર્શલ અવધેશ ભારતી, ઉપપ્રમુખ વાયુ સ્ટાફે જણાવ્યું કે, ઓપરેશન સિંદૂર હાલમાં રોકવામાં આવ્યું છે. તેમણે કહ્યું કે, ભારતીય સેનાની સરળ ફિલોસોફી છે, 'લિવ એન્ડ લેટ લિવ', એટલે કે 'જીવો અને જીવવા દો'. પણ જો કોઈ અમારી શાંતિને કમજોરી સમજે તો અમે કડક પગલાં લઈએ છીએ.

તેમણે જણાવ્યું કે, દળોને સંપૂર્ણ ઓપરેશનલ સ્વતંત્રતા આપવામાં આવી હતી. પાકિસ્તાનમાં પહેલો હથિયાર લક્ષ્ય પર લાગતાં જ ભારતીય સૈનિકોનો આત્મવિશ્વાસ વધ્યો અને શહીદ પરિવારોને ન્યાય મળ્યો હતો. અમારી લડાઈ આતંકવાદીઓ અને તેમના સપોર્ટ સિસ્ટમ સામે હતી.

જ્યારે પાકિસ્તાને હુમલો કરવાનો પ્રયાસ કર્યો, ત્યારે ભારતે તરત જ જવાબ આપ્યો હતો. ઓપરેશનમાં વાયુ શક્તિની મહત્વપૂર્ણ ભૂમિકા ફરી સાબિત થઈ હતી. દુશ્મનના દરેક પગલાંને પહેલેથી જ ઓળખી લીધા હતા.

એર માર્શલ ભારતીએ કહ્યું કે, આત્મનિર્ભરતા જ આગળનો રસ્તો છે. ભારતીય વાયુસેના આ દિશામાં ઝડપથી આગળ વધી રહી છે અને મિશન સુદર્શન ચક્રમાં મહત્વની ભૂમિકા ભજવી રહી છે. તેમણે ઉમેર્યું કે, વાયુસેનાની ભૂમિકાએ ઓપરેશનને વધુ મજબૂત બનાવ્યું હતું.

વાઈસ એડમિરલ એ.એન. પ્રમોદ, ડાયરેક્ટર જનરલ નેવલ ઓપરેશન્સ (DGNO)એ જણાવ્યું હતું કે, ઓપરેશન સિંદૂર દરમિયાન ભારતીય નૌસેનાએ બેટલ કેરિયર ગ્રુપ, સબમરીન અને અન્ય સાધનો તહેનાત કર્યા હતા. નૌસેનાએ સ્ટ્રાઈકમાં પણ સક્રિય ભાગ લીધો હતો. પાકિસ્તાની વેપાર માર્ગો પર નિયંત્રણ મેળવવામાં આવ્યું હતું, જેના કારણે પાકિસ્તાન પર દબાણ વધ્યું હતું.

આ ઓપરેશનથી ભારતની દરિયાઈ ક્ષમતા અને તૈયારી આખી દુનિયા સામે સાબિત થઈ ગઈ. ભારતીય રક્ષા દળો અને નૌસેના હજુ પણ આગળ તહેનાત છે અને કોઈપણ પડકારનો સામનો કરવા તૈયાર છે.

ઓપરેશન સિંદૂરથી સાબિત થયું કે, ભારતીય સશસ્ત્ર દળો હવે આતંકવાદ સામે ઝીરો ટોલરન્સની નીતિ અપનાવી રહ્યા છે. ત્રણેય સેના વચ્ચે ઉત્તમ સંકલન, દેશી હથિયારોનો ઉપયોગ, સંપૂર્ણ ઓપરેશનલ સ્વતંત્રતા અને કડક પગલાંઓ ઓપરેશનની ખાસિયત રહી છે. વરિષ્ઠ અધિકારીઓએ એકસુરે કહ્યું કે, આ તો માત્ર શરૂઆત છે. ભારત પોતાની સંપ્રભુતાની રક્ષા માટે કોઈપણ કિંમત ચૂકવવા તૈયાર છે અને ભવિષ્યમાં આવનારા દરેક પડકારનો સામનો કરશે. ઓપરેશન સિંદૂર ભારતીય સૈન્ય ઈતિહાસમાં એક સુવર્ણ અધ્યાય તરીકે યાદ રહેશે.

### ભારતના 3 હથિયારોનો દુનિયામાં વાગ્યો ડંકો

# બ્રહ્મોસના પ્રહારથી આજે પણ ધ્રૂજે છે પાકિસ્તાન

નવી દિલ્હી, તા.૮



પહલગામ આતંકી હુમલાનો બદલો લેવા માટે ભારતે ગત વર્ષે પાકિસ્તાન વિરુદ્ધ ઓપરેશન સિંદૂર લોન્ચ કર્યું હતું. આજે આ ઐતિહાસિક સૈન્ય કાર્યવાહીને એક વર્ષ પૂર્ણ થયું છે. ૭ મે, ૨૦૨૫ના રોજ ભારતીય સેનાએ **PoK** અને પાકિસ્તાનની અંદર ઘૂસીને કુલ ૯ આતંકી ઠેકાણાઓને નેસ્તનાબૂદ કરી દીધા હતા. આ પહેલીવાર હતું જ્યારે ભારતે પાકિસ્તાની સીમામાં આટલે ઊંડે સુધી જઈને પ્રહાર કર્યો હોય અને આશ્ચર્યની વાત એ હતી કે પાકિસ્તાનને આ હુમલાની કાનોકાન ખબર પણ પડી નહોતી.

ઓપરેશન સિંદૂર દરમિયાન ભારતની સૌથી ઘાતક મિસાઈલ બ્રહ્મોસનો પહેલીવાર ઉપયોગ કરવામાં આવ્યો હતો. સુખોઈ ફાઈટર જેટીથી છોડવામાં આવેલી આ સુપરસોનિક મિસાઈલે પાકિસ્તાનમાં ભારે તબાહી મચાવી હતી. અવાજ કરતાં ત્રણ ગણી ઝડપે (૩૭૦૦ કિમી/કલાક) ગતિ કરતી આ મિસાઈલ એટલી નીચી ઊંચાઈએ ઊડે છે કે પાકિસ્તાની રડાર તેને પકડવામાં નિષ્ફળ રહી હતી. ૩૦૦ કિલો સુધીના વિસ્ફોટકો લઈ જવાની ક્ષમતા ધરાવતી આ મિસાઈલના ખૌફનો સ્વીકાર ખુદ પાક પીએમ શાહબાઝ શરીફે પણ કરવો પડ્યો હતો.

યુદ્ધ દરમિયાન ભારતની સ્વદેશી આકાશ એર ડિફેન્સ સિસ્ટમે શાનદાર પ્રદર્શન કર્યું હતું. આ સિસ્ટમના કારણે પાકિસ્તાની ડ્રોન અને મિસાઈલો ભારતીય સરહદમાં પ્રવેશવાની હિંમત કરી શક્યા નહોતા. સપાટીથી હવામાં માર કરતી આ મિસાઈલ દુશ્મનના વિમાન કે ડ્રોનને હવામાં જ તોડી પાડવાની ૧૦૦ ટકા ક્ષમતા ધરાવે છે. તેની ૩૦૦૦ કિમી પ્રતિ કલાકની ઝડપ અને એકસાથે અનેક લક્ષ્યોને વીંધવાની તાકાતે પાકિસ્તાની વાયુસેનાના હોંશ ઉડાવી દીધા હતા. ઓપરેશન દરમિયાન પિનાકા મલ્ટી બેરલ રોકેટ લોન્ચરનો ઉપયોગ કરવાની જરૂર પણ ન પડી, કારણ કે તેના બોર્ડર પર તહેનાત થવા માત્રથી પાકિસ્તાને હથિયાર હેઠા મૂકી દીધા હતા. આ સિસ્ટમ માત્ર ૪૪ સેકન્ડમાં ૭૨ રોકેટ છોડી શકે છે, જે દુશ્મનના ૧૦૦૦ ટ ૮૦૦ મીટરના વિસ્તારને સંપૂર્ણપણે રાખમાં ફેરવી દેવાની શક્તિ ધરાવે છે. આ હથિયારની ક્ષમતા જોઈને ફ્રાન્સ અને આર્મેનિયા જેવા દેશો પણ તેને ખરીદવા માટે ઉત્સુક છે.

ઓપરેશન સિંદૂરની સફળતા બાદ દુનિયાભરમાં ભારતીય હથિયારોની માંગ વધી છે. નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬માં ભારતનું ઘરેલું સંરક્ષણ ઉત્પાદન મહત્ત્વના સ્તરે પહોંચીને ૧.૫૪ લાખ કરોડ રૂપિયાના રેકોર્ડ આંકડાને સ્પર્શી ગયું છે. આ સાથે જ ભારતનો ડિફેન્સ એક્સપોર્ટ પણ વધીને ૩૮,૪૨૪ કરોડ રૂપિયા થયો છે. અમેરિકન પ્રમુખ હોય કે અન્ય દેશોના વડા, આજે દરેક ભારતીય ટેક્નોલોજી પર વિશ્વાસ મૂકી રહ્યા છે. સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે જણાવ્યું હતું કે, ખાનગી કંપનીઓના સહયોગથી આજે ભારત રક્ષણ ક્ષેત્રે આત્મનિર્ભર બની રહ્યું છે.

**ઓપરેશન સિંદૂર દરમિયાન ભારતની સૌથી ઘાતક મિસાઈલ બ્રહ્મોસનો પહેલીવાર ઉપયોગ કરવામાં આવ્યો હતો**

## ગ્રહોનો રાઝ આપની આજ




**મેષ:**પારિવારિક અને આર્થિક બાબતોમાં ચાલતી સમસ્યાઓ ઉકેલાશે અને આજીવિકાના ક્ષેત્રે નવા પ્રયત્નો પ્રગટશે. તમને વ્યવસાયમાં મોટી તક મળી શકે છે અને ગૌણ કર્મચારીઓનો આદર અને ટેકો પણ પૂરતો રહેશે.

**વૃષભ:** ભાગીદારીમાં થઈ રહેલા કામથી લાભની સ્થિતિ ઊભી થશે. વિવાહિત જીવનમાં ઘણા દિવસોની સમસ્યા સમાપ્ત થઈ જશે અને તમે તહેવારની ખરીદી માટે પણ જઈ શકો છો.

**મિથુન:** સવારે ધાર્મિક યાત્રા પર જવાની યોજના હશે, પણ આકસ્મિક અન્ય કામ દ્વારા રદ કરી શકાય છે. રાજકીય દિશામાં કરવામાં આવેલા પ્રયત્નો સાર્થક સાબિત થશે અને લોકોનો ટેકો મનને આનંદ કરશે.

**કર્ક:** આજનો દિવસ સાધારણ ફળદાયક રહેશે. ક્ષેત્રમાં સખત મહેનત અને ધૈર્યથી તમને બધી સમસ્યાઓમાંથી મુક્તિ મળશે. પ્રતિકૂળતામાં નિર્ણય લેવાની ક્ષમતાનો વિકાસ થશે. ક્રોધ અને વાણી ઉપર નિયંત્રણ રાખો

**સિંહ:** વ્યાવસાયિક સહયોગીઓ તમારી પાસેથી સલાહ અને માર્ગદર્શન પ્રાપ્ત કરશે, માન-સન્માન વધશે. આજે તમારું મન સરળ અને સાત્વિક કાર્યો છોડી શકે છે અને ઝડપથી અનિયંત્રિત વલણો તરફ આકર્ષિત થઈ શકે છે.

**કન્યા:** રોજગાર મેળવવા માગતા યુવાનોને નવી તક મળશે. તમારો પ્રોજેક્ટ કાર્યક્ષેત્રમાં પૂર્ણ થશે, તે જોઈને વિરોધીઓ પણ તમારી પ્રશંસા કરશે. વિદેશમાં રહેતા સ્વજનો તરફથી સારા સમાચાર પ્રાપ્ત થશે.

**તુલા:** કુટુંબનું વાતાવરણ શાંતિપૂર્ણ રહેશે અને આનંદદાયક સમાચાર મળતાં તમામ સભ્યોની ખુશી વધશે. તહેવાર પહેલા અટકેલા પૈસા મળશે અને હાથમાં પુરતા પૈસા હોવાનો આનંદ મળશે.

**વૃશ્ચિક:** દુકાનદારો માટે આ સમયે વ્યસ્તતા વધુ રહેશે, તેના કારણે તમે પરિવાર તરફ ઓછું ધ્યાન આપી શકશો. આર્થિક સ્થિતિમાં સુધારો થશે અને ફંડ પણ વધશે. વિદ્યાર્થીઓને શિક્ષણ અને સ્પર્ધામાં વિશેષ સફળતા મળશે.

**ધન:** વ્યવસાય સંબંધિત યોજનાઓ માટે નિષ્ણાતની સલાહ મદદરૂપ થશે. ભાગ્ય તમને સાથ આપશે અને દરેક ક્ષેત્રમાં સફળતા મળશે. કાયદાકીય સંબંધિત બાબતોમાં મન જીતીને ખુશ રહેશે.

**મકર:** આજે આજીવિકાના ક્ષેત્રે પ્રગતિ થશે. પરિવારનું વાતાવરણ આનંદદાયક રહેશે અને તહેવારની તૈયારીઓ વચ્ચે વાનગીનો આનંદ માણશો. સામાજિક ક્ષેત્રમાં તમારી ક્રિયાઓ તમારી પ્રતિષ્ઠામાં વધારો કરશે

**કુંભ:** ક્ષેત્રમાં અધિકારીઓ સાથે સંબંધ સુધરશે, પરંતુ તમારે ગુપ્ત શત્રુઓથી સંભાળીને કામ કરવું પડશે. ઘરની જરૂરી અને કિંમતી ચીજોની સંભાળ રાખો, નહીં તો ખોવાઈ જવાનો ડર રહેશે.

**મીન:** વ્યવસાય સંબંધિત યોજનાઓ સફળ થશે અને લાભ આપવાનું શરૂ કરશે. સંતાન પક્ષની પ્રગતિથી મન પ્રસન્ન રહેશે. ગીચ સ્થાનોને ટાળો અને જો જરૂરી હોય તો સલામતી સાથે જાઓ.

# દરિયાઈ, ટેક્નિકલ અને મેડિકલ સહાય આપીશું

તેહરાન, તા.૮

અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ઈરાન સાથેનું યુદ્ધ ટૂંક સમયમાં સમાપ્ત થવાની શક્યતા વ્યક્ત કરી છે. ટ્રમ્પની આ જાહેરાત બાદ ઈરાને પણ હોર્મુઝ સ્ટ્રેટમાંથી પસાર થતા કોમર્શિયલ જહાજોને તકનીકી અને મેડિકલ સહાય આપવાનું આશ્વાસન આપ્યું છે. પાકિસ્તાન અને અન્ય દેશોની વિનંતી પર ટ્રમ્પે પ્રોજેક્ટ ફ્રીડમ (દરિયાઈ નાકેબંધી) ને કામચલાઉ ધોરણે રોકવાનો નિર્ણય લીધો છે. ટ્રમ્પે સોશિયલ મીડિયા પર જણાવ્યું કે, ઈરાન સાથે પરમાણુ પ્રોગ્રામ અને દરિયાઈ સુરક્ષા મુદ્દે સમજૂતી કરવા માટે અમેરિકા તૈયાર છે. ઈરાની સત્તાવાર ન્યૂઝ એજન્સી **IRNA** અનુસાર, હવે ઈરાન હોર્મુઝ વિસ્તારમાં જહાજોને ઈંધણ, ખોરાક અને સ્વાસ્થ્ય સેવાઓ જેવી સુવિધાઓ આપશે. ઈરાનના પોર્ટ્સ એન્ડ મેરીટાઈમ ઓર્ગેનાઈઝેશને તમામ જહાજોના કેપ્ટનો માટે એડવાઈઝરી જાહેર કરી છે. જહાજો જરૂર પડ્યે ઈરાની બંદરોનો સંપર્ક કરી શકશે. દરિયાઈ સુરક્ષાનો આ સંદેશ આગામી ત્રણ દિવસ સુધી દિવસમાં ત્રણ વાર પ્રસારિત કરવામાં આવશે. કોઈપણ કટોકટી માં ઈરાન હવે તબીબી સહાય અને સમારકામની સામગ્રી પૂરી પાડવા કટિબદ્ધ છે.

ટ્રમ્પના જણાવ્યા અનુસાર, ઈરાન વિરુદ્ધના સૈન્ય અભિયાન માં સફળતા મળ્યા બાદ હવે વાટાઘાટોનો સમય પાકી ગયો છે. જો બંને દેશો વચ્ચે સમજૂતી પર હસ્તાક્ષર થાય, તો મધ્ય-પૂર્વ **(Middle East)** માં મોટી અશાંતિ ટળી શકે છે.

**ઈરાનના પોર્ટ્સ એન્ડ મેરીટાઈમ ઓર્ગેનાઈઝેશ ને તમામ જહાજોના કેપ્ટનો માટે એડવાઈઝરી જાહેર કરી છે....**

## શ્રી રાણીપ સોની સમાજ દ્વારા આયોજિત સોની પ્રીમિયર લીગ ૨૦૨૬ સીઝન - 2 (SPL-2) નું સુંદર અને સફળ આયોજન કરવામાં આવ્યું હતું.





આ ટુર્નામેન્ટનો મુખ્ય હેતુ સોની સમાજના જરૂરિયાતમંદ લોકોની મદદ કરવો તેમજ સમાજના યુવા વર્ગને મોબાઈલની દુનિયાથી થોડો સમય દૂર રાખી રમતગમત અને સમાજ સાથે જોડવાનો હતો. આ ટુર્નામેન્ટ દ્વારા એકત્ર થયેલ ફંડનો ઉપયોગ શૈક્ષણિક સહાય તેમજ અનાજની કીટના વિતરણ માટે કરવામાં આવે છે.

આ વર્ષે કુલ ૧૬ ટીમોએ ભાગ લીધો છે, જેમાં SMR Jewels Limited (Drive in CC) ટીમ પણ સામેલ છે. અમારી ટીમે SMR Jewels Limited (Drive in CC) તા. ૦૬/૦૫/૨૦૨૬, બુધવારના રોજ ROKO 11 સામે ૫૪ રનથી ભવ્ય જીત મેળવી હતી. ત્યારબાદ તા. ૦૭/૦૫/૨૦૨૬, ગુરુવારના રોજ Madhav Striker સામે ૬ વિકેટથી જીત મેળવી હતી.

આ બંને શાનદાર જીત સાથે અમારી ટીમે સેમી ફાઈનલમાં સ્થાન મેળવ્યું છે. સમગ્ર ટીમને ખૂબ ખૂબ અભિનંદન તથા આગામી મેચ માટે હાર્દિક શુભેચ્છાઓ.

# મહેસાણામાં ગીરની મીઠાશ: આત્મા ધોબીઘાટ ખાતે કેસર કેરીના વેચાણનો પ્રારંભ

**કેસર કેરી મહોત્સવ'નો પ્રારંભ મહેસાણાના રહેવાસીઓ માટે કુદરતી રીતે પકવેલી શુદ્ધ કેસર કેરી હવે સીધી ખેડૂતથી ગ્રાહક સુધી**

મહેસાણાના કેરી રસિકો માટે ખુશખબર છે, એગ્રીકલ્ચરલ ટેકનોલોજી મેનેજમેન્ટ એજન્સી ( આત્મા) પ્રોજેક્ટ, મહેસાણા દ્વારા સંચાલિત ખેડૂત તાલીમ કેન્દ્ર ખાતે ભવ્ય 'કેસર કેરી મહોત્સવ'નું આયોજન કરવામાં આવ્યું છે.

આ મહોત્સવનો મુખ્ય ઉદ્દેશ્ય ગીરની વિશ્વપ્રસિદ્ધ કેસર કેરી ગ્રાહકોને સીધી ઉપલબ્ધ કરાવવાનો છે.

આ વેચાણ કેન્દ્ર મહેસાણામાં પરા તળાવની સામે, ધોબીઘાટ વિસ્તારમાં આવેલા ખેડૂત તાલીમ કેન્દ્ર ખાતે કાર્યરત કરવામાં આવ્યું છે.

ગીર કૃષિ વસંત પ્રોડ્યુસર લિમિટેડના સહયોગથી ખેડૂત જૂથો (FPO) દ્વારા સીધું વેચાણ કરવામાં આવી રહ્યું છે, જેથી વચેટિયાઓ દૂર થાય અને ગ્રાહકોને ફાયદો મળે.

અહીં મળતી તમામ કેરીઓ દવા વગર કુદરતી રીતે પકવેલી અને સ્વાસ્થ્ય માટે સુરક્ષિત છે. હાનિકારક કાર્બાઈડ મુક્ત કેરીનો સ્વાદ ગ્રાહકો માણી શકશે.

ગીરના પ્રખ્યાત આંબાવાડિયાની ઉચ્ચ ગુણવત્તાવાળી અને મધ જેવી મીઠી કેસર કેરીનો અસલ સ્વાદ અહીં ઉપલબ્ધ છે. સાથે સાથે દરેક બોક્સમાં ગુણવત્તા અને સ્વાદની પૂરેપૂરી ખાતરી આપવામાં આવે છે.

મહેસાણાની જનતાને અપીલ કરવામાં આવે છે કે ઉનાળાની આ સિઝનમાં ગીરની મીઠાશનો આનંદ માણવા અને ખેડૂતોને પ્રોત્સાહન આપવા માટે આ કેસર કેરી મહોત્સવની મુલાકાત લે.

# ૧૨મી મે સુધી યલો એલર્ટ સાથે હીટવેવની આગાહી

અમદાવાદ, તા.૮

ગુજરાતમાં ચોમાસા પહેલાં જ મે મહિનામાં વરસાદી ગતિવિધિ શરૂ થઈ જતી હોય છે અને ઉનાળા દરમિયાન ગાજવીજ સાથે વરસાદ પડતો હોય છે. હાલની સ્થિતિ પ્રમાણે ગુજરાતમાં પાંચ સિસ્ટમ અસર કરી રહી છે. અરબી સમુદ્ર પરથી આવતા ભેજવાળા પવનો વરસાદી ગતિવિધિને મદદ કરી રહ્યા છે. આગામી ૪૮ કલાક બાદ ગરમીનું પ્રમાણ વધવાની હવામાન વિભાગે આગાહી કરી છે. હવામાન વિભાગે આજે આપેલી આગાહીમાં વરસાદ અને હીટવેવની આગાહી આપી છે.

અમદાવાદના હવામાન વિભાગના જણાવ્યા પ્રમાણે, બુધવારે ગુજરાતમાં છૂટાછવાયા સ્થળોએ વરસાદ પડ્યો હતો. જ્યારે સૌરાષ્ટ્ર-કચ્છમાં અને દીવ, દમણ, દાદરા નગર હવેલીમાં હવામાન શુષ્ક રહ્યું હતું. આ સાથે દક્ષિણ ગુજરાતના કેટલાક ભાગોમાં મહત્તમ તાપમાનમાં નોંધપાત્ર વધારો થયો છે. બાકીના પ્રદેશમાં કોઈ મોટો ફેરફાર થયો નથી. ઉત્તર ગુજરાતના કેટલાક ભાગોમાં મહત્તમ તાપમાન સામાન્યથી નીચે હતું; સૌરાષ્ટ્રના કેટલાક ભાગોમાં સામાન્યથી ઉપર હતું; બાકીના પ્રદેશમાં સામાન્ય હતું. ગુજરાતમાં બુધવારે સૌથી વધુ મહત્તમ તાપમાન રાજકોટમાં ૪૨.૯ ડિગ્રી સે. નોંધાયું હતું.હવામાન વિભાગના અમદાવાદ કેન્દ્રના જણાવ્યા પ્રમાણે, આજે ૮મી તારીખના રોજ જુનાગઢ, રાજકોટ, ભાવનગર, અમરેલી, ગીર સોમનાથ, બોટાદ, દાહોદ, છોટાઉદેપુર, નર્મદા, તાપી, ડાંગમાં છૂટાછવાયા સ્થળો પર વરસાદની આગાહી આપવામાં આવી છે. હવામાન વિભાગે આપેલી માહિતી પ્રમાણે, નવમી તારીખે કચ્છ, રાજકોટ, દેવભૂમિ દ્વારકામાં યલો એલર્ટ સાથે હીટવેવની ચેતવણી આપવામાં આવી છે. ૧૦મી તારીખે કચ્છ, બનાસકાંઠા, સુરેન્દ્રનગર, રાજકોટ, દ્વારકા, પોરબંદર, ગીર સોમનાથ, અમરેલી, ભાવનગર, વડોદરા, સુરતમાં યલો એલર્ટ સાથે હીટવેવની આગાહી કરી છે.

૧૧મી તારીખના રોજ બનાસકાંઠા, પાટણ, સુરેન્દ્રનગર, અમદાવાદ, ગાંધીનગર, રાજકોટ, દ્વારકા, પોરબંદર, ગીર સોમનાથ, અમરેલી, ભાવનગર, આણંદ, વડોદરા, સુરતમાં યલો એલર્ટ સાથે હીટવેવની આગાહી કરી છે. ૧૨મી તારીખના રોજ બનાસકાંઠા, પાટણ, સુરેન્દ્રનગર, અમદાવાદ, ગાંધીનગર, રાજકોટ, દ્વારકા, ગીર સોમનાથ, અમરેલી, ભાવનગર, આણંદમાં યલો એલર્ટ સાથે હીટવેવની આગાહી કરી છે. ૧૩મી તારીખે બનાસકાંઠા, પાટણ અને દેવભૂમિ દ્વારકામાં યલો એલર્ટ સાથે હીટવેવની આગાહી કરવામાં આવી છે.

# ઘી કાંટા કોર્ટમાં આંતરધર્મીય લગ્નના મુદ્દે થયેલો હોબાળો

અમદાવાદ, તા.૮

અમદાવાદની ઘી કાંટા કોર્ટ આજે (સાતમી મે) પોલીસ છાવણીમાં ફેરવાઈ ગઈ હતી, કારણ કે, એક હિન્દુ યુવતી અને મુસ્લિમ યુવકના લગ્ન રજિસ્ટ્રેશનને લઈને વિશ્વ હિન્દુ પરિષદ (VHP)ના કાર્યકરોએ ઉગ્ર દેખાવો કર્યો હતો. મામલાની ગંભીરતાને જોતા કોર્ટ પરિસરમાં ૫૦થી વધુ પોલીસ જવાનોનો ચુસ્ત બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો હતો. વિરોધને પગલે હાલ પૂરતી આંતરધર્મીય લગ્ન પ્રક્રિયા મોકૂફ રાખવામાં આવી છે.

મળતી માહિતી અનુસાર, એક હિન્દુ યુવતી છેલ્લા બે મહિનાથી નારી સંરક્ષણ ગૃહમાં રહેતી હતી. આજે તેને લગ્ન રજિસ્ટ્રેશનની પ્રક્રિયા માટે ઘી કાંટા કોર્ટમાં રજૂ કરવાના હતા. આ આંતરધર્મીય લગ્ન રજિસ્ટ્રાર એમ. એમ. સૈયદની કોર્ટમાં થવાના હતા. જોકે, આ અંગેની જાણ થતાં જ VHPના કાર્યકરો મોટી સંખ્યામાં કોર્ટ પરિસરે પહોંચી ગયા હતા અને સૂત્રોચ્ચાર સાથે દેખાવો કર્યો હતો.

VHPના જિલ્લા અધ્યક્ષે રજિસ્ટ્રાર એમ. એમ. સૈયદ પર ગંભીર આક્ષેપો કરતા જણાવ્યું હતું કે, રજિસ્ટ્રાર નિયમ મુજબ લગ્નની નોટિસ બોર્ડ પર લગાવતા નથી અને એકપક્ષીય રીતે મુસ્લિમ યુવકોને સહયોગ આપી રહ્યા છે. સૈયદ સાહેબ અગાઉ પણ આવા અનેક વિવાદાસ્પદ લગ્નો કરાવી ચૂક્યા છે. આજે જ્યારે અમે રજૂઆત કરવા પહોંચ્યા ત્યારે તેઓ જાણી જોઈને રજા પર ઉતરી ગયા હતા. અમે ચાર્જમાં રહેલા અધિકારીને રજૂઆત કરી છે અને હાલ પૂરતું આ લગ્ન અટકાવવામાં આવ્યું છે.



આ ઘટનાને લવ જેહાદ ગણાવીને તંત્ર સામે રોષ વ્યક્ત હતો. VHPના જિલ્લા અધ્યક્ષે જણાવ્યું હતું કે, આ લગ્ન માટે હાઈકોર્ટનો ઓર્ડર હોવાથી અમે શાંતિપૂર્ણ રીતે રજૂઆત કરી હતી, પરંતુ રજિસ્ટ્રારની કાર્યપ્રણાલી શંકાસ્પદ છે.

અમે સરકાર સમક્ષ માંગ કરી છે કે વિવાદાસ્પદ રજિસ્ટ્રારની તાત્કાલિક સજાકીય બદલી કરવામાં આવે. જો આગામી દિવસોમાં કોઈ કડક કાર્યવાહી કરવામાં નહીં આવે, તો ઉગ્ર આંદોલન કરીશું.

કોર્ટ પરિસરમાં કોઈ અપ્રિય ઘટના ન બને તે માટે પોલીસ દ્વારા વિશેષ તકેદારી રાખવામાં આવી હતી અને પોલીસે કોર્ટના દરવાજા પર કડક પહેરો રાખ્યો હતો. હાલમાં આ આંતરધર્મીય લગ્ન પ્રક્રિયા અટકી પડી છે અને આગામી દિવસોમાં આ મામલો વધુ ગરમાય તેવી શક્યતાઓ છે.

**એક હિન્દુ યુવતી નારી સંરક્ષણ ગૃહમાં રહેતી હતી તેને લગ્ન રજિસ્ટ્રેશનની પ્રક્રિયા માટે ઘી કાંટા કોર્ટમાં રજૂ કરવાના હતા....**



યશપાલસિંહ ટી.વાઘેલા

દરબાર ગઢ થરા

## ઘમંડનું પતન અને અનુભવની જીત—ગુરુ-શિષ્ય પરંપરાનો અમર સંદેશ

# ઘમંડ એને જ હોય જેને મહેનત વગર બધું મળી ગયું હોય..જેણે પોતે સંઘર્ષ કર્યો હોયએ નાના માણસની પણ કદર કરે છે !!

ભારતીય સંસ્કૃતિમાં ગુરુને ઈશ્વરથી પણ અધિક સ્થાન આપવામાં આવ્યું છે. ગુરુર્બ્રહ્મા, ગુરુર્વિષ્ણુ, ગુરુર્દેવો મહેશ્વરા' કહીને ગુરુને સૃષ્ટિના ત્રણેય સ્વરૂપો સાથે સરખાવ્યા છે. કારણ સ્પષ્ટ છે: ગુરુ માત્ર વિદ્યા નથી આપતો, જીવન જીવવાની દૃષ્ટિ આપે છે. પરંતુ જ્યારે વિદ્યા મળ્યા પછી શિષ્યના મનમાં 'હું' નો અહંકાર જન્મે, ત્યારે એ જ વિદ્યા એનું પતન નોંતરે છે.

એક તલવારબાજ ગુરુ અને તેના અભિમાની શિષ્યની છે. સાથે સાથે ભાગવત ગીતા અને પુષ્ટિમાર્ગના દૃષ્ટાંતો દ્વારા બુદ્ધિ ની સ્થિરતા,કામ પરવિજય અને મર્યાદા પાલનનું મહત્વસમજાવ્યું છે. આ લેખ માત્ર એક બોધકથા નથી,પણ આજના યુગમાં 'ઈન્સ્ટન્ટ સફળતા' પાછળ દોડતા દરેક યુવાન માટે અરીસો છે. જ્યાં અનુભવને 'જૂનો' કહીને અવગણવામાં આવે છે, ત્યાં આ કથા યાદ અપાવે છે કે તલવાર ની લંબાઈ નહીં,વિચાર ની ઊંડાઈ જ યુદ્ધ જીતાડે છે. એક સમયે, એક નાના ગામમાં, એક મહાન કુશળ તલવારબાજ રહેતો હતો. તેની તલવારની ધાર જેટલી તીક્ષ્ણ હતી તેટલી જ ગહન તલવાર બાજી કળા હતી.લોકો દૂર-દૂરથી તેમની પાસેથી યુદ્ધ કળા શીખવા માટે જતા હતા. તેમના શિષ્યોમાં એક અસાધારણ પ્રતિભા ધરાવતો યુવાન પણ હતો. ગુરુ તેને પુત્રની જેમ પ્રેમ કરતા હતા અને તેને તલવારબાજીની દરેક ટેકનિક શીખવતા હતા.

વર્ષોની મહેનત પછી, શિષ્ય એટલો કુશળ બન્યો કે લોકો તેમના ગુણગાન ગાવા લાગ્યા. ધીમે ધીમે, આ પ્રશંસાએ તેના મનમાં ઘમંડ ભરી દીધો. તે ગામડે ગામડે ભટકવા લાગ્યો, બડાઈ મારતો કે,×મારો મુકાબલો કરી શકે તેવો કોઈ તલવારબાજ જીવતો નથી. મારા ગુરુ વૃદ્ધ થયા છે;તે હવે મને હરાવી શકશે નહીં.× શરૂઆતમાં, લોકોએ તેના શબ્દોને ફક્ત મજાક તરીકે ફગાવી દીધા, પરંતુ દરેક પસાર થતા દિવસે તેનો ઘમંડ વધતો ગયો.

અંતે, એક દિવસ,આખા ગામની સામે, તેણે તેના ગુરુને પડકાર ફેંક્યો: ×જો તમારામાં શક્તિ હોય, તો મેદાનમાં આવો અને યુદ્ધમાં મારો સામનો કરો; નહીં તો, ગુરુ કહેવાતા રહેવાનો તમારો અધિકાર છોડી દો.×

આ સાંભળીને ગામલોકો ખૂબ જ દુઃખી થયા. બધાએ શિષ્યને સમજાવવાનો પ્રયાસ કર્યો કે પોતાના ગુરુનું




અપમાન કરવું એ ગંભીર પાપ છે; છતાં, પોતાના ઘમંડથી આંધળો થઈને, શિષ્ય કોઈનું સાંભળવા તૈયાર ન હતો. વૃદ્ધ ગુરુ શાંત રહ્યા.તેમણે પડકાર સ્વીકાર્યો.

દ્વંદ્વયુદ્ધની તારીખ નક્કી થઈ ગઈ. આખા ગામમાં ઉત્તેજના ફેલાઈ ગઈ. બધાને લાગ્યું કે વૃદ્ધ ગુરુ હવે તેના યુવાન શિષ્ય સામે ટકી શકશે નહીં.જોકે, દ્વંદ્વયુદ્ધ ના આગલા દિવસે, શિષ્યએ કંઈક અનોખું જોયું. ગુરુ એક લુહાર પાસેથી પંદર ફૂટ લાંબો મ્યાન બનાવડાવી રહ્યા હતા. શિષ્ય આશ્ચર્યચકિત થઈ ગયો. તેણે મનમાં વિચાર્યું, ×ચોક્કસ, ગુરુ કોઈ ગુપ્ત યુક્તિ છુપાવી રહ્યા છે. આટલી લાંબી મ્યાન એટલે કે તલવાર પણ એટલી જ લાંબી હોવી જોઈએ.

ડર અને ઘમંડના મિશ્રણથી પ્રેરાઈને, તેણે તરત જ બીજા લુહારને સોળ ફૂટ લાંબી તલવાર અને મ્યાન બનાવવાનું કામ સોંપ્યું. તે અંદરથી ખુશ હતો, તેને અપેક્ષા હતી કે જે ક્ષણે ગુરુએ તેની તલવાર ખેંચી, તે પહેલા હુમલો કરશે.

બીજા દિવસે, મેદાન દર્શકોથી ભરાઈ ગયું. ગુરુએ તેના હાથમાં પંદર ફૂટનો મ્યાન પકડ્યો હતો, જ્યારે શિષ્યએ તેનાથી પણ લાંબો મ્યાન પકડ્યો હતો. સીટી વાગતાની સાથે જ દ્વંદ્વયુદ્ધ શરૂ થયું.

થોડી જ ક્ષણોમાં,ગુરુએ વીજળી જેવી ચપળતાથી પોતાના લાંબા મ્યાનમાંથી એક નાની તલવાર કાઢી અને તેને સીધી શિષ્યની ગરદન પર મૂકી દીધી. આ દરમિયાન, શિષ્ય પોતાની ભારે, વિશાળ તલવાર પણ મ્યાનમાંથી સંપૂર્ણપણે બહાર કાઢી શક્યો ન હતો. આખું મેદાન શાંત થઈ ગયું. શિષ્યનું માથું શરમથી ઝૂકી ગયું. તેને ખ્યાલ આવ્યો કે ગુરુએ ફક્ત એક લાંબો મ્યાન રાખ્યો છે - લાંબી તલવાર નહીં. ગુરુએ હસીને કહ્યું, ×યુદ્ધો ફક્ત શક્તિથી નહીં, પરંતુ બુદ્ધિ અને ધીરજથી જીતાય છે. અને ગુરુનો અનુભવ ક્યારેય જૂનો થતો નથી.×

શિષ્યની આંખોમાંથી અહંકાર ગાયબ થઈ ગયો હતો. તે ગુરુના પગે પડ્યો અને ક્ષમા માંગી. ગુરુએ તેને ઊંચકીને ભેટી પડ્યો. વાચક મિત્રો,આપણને શીખવે છે કે અહંકાર એ માનવીનો સૌથી મોટો દુશ્મન છે. જ્ઞાન અને શક્તિ પ્રાપ્ત કર્યા પછી પણ, જો કોઈ વ્યક્તિ નમ્ર રહેવામાં નિષ્ફળ જાય, તો તેનું પતન અનિવાર્ય છે. ગુરુનો અનુભવ, શાણપણ અને જીવનની સમજ ક્યારેય વ્યર્થ નથી જતી. ફક્ત બાહ્ય શક્તિ કે બાહ્ય દેખાવ જ સફળતા લાવતો નથી; યોગ્ય સમયે યોગ્ય નિર્ણયો લેવાની શાણપણ જ સાચી જીત તરફ દોરી જાય છે.

બુદ્ધિનું સમર્પણ: ગીતા અને ભાગવતનો સંદેશ બુદ્ધિ ચંચળ છે. પાંચ વિષયો તેને પોતાની કરવા માગે છે, પરંતુ બુદ્ધિ એક ઈશ્વરને જ અર્પણ કરવી. જીવનો સાચો પતિ ઈશ્વર છે. ગીતાજીમાં ભગવાને પણ અર્જુનને એ શીખ દીધી: ×તું તારું ડહાપણ છોડ અને બુદ્ધિ મને અર્પણ કરી દે!× અર્જુન પણ એ વાત સ્વીકારી કહે છે કે, ×હું તમારે શરણે છું. તમે કહેશો તેમ હું હવે કરીશ.×

રાસલીલાનું ચિંતન-મનન કરવાથી બુદ્ધિ સ્થિર થાય છે. બુદ્ધિ સ્થિર થયા વગર કામ મરતો નથી, વાસનાનો ક્ષય થતો નથી. સ્થિરબુદ્ધિવાળાને ભગવાને ગીતાજીમાં 'સ્થિતપ્રજ્ઞ' કહીને નવાજ્યો છે. કામ અદૃશ્ય રહીને મનુષ્યને મારે છે. ક્રોધ જાય,લોભ જાય,પણ કામ જતો નથી. ઘણાખરા અનર્થો કામમાં થી થયા છે. કામ મરે તેના માટે સંસાર રહેતો નથી, તે મુક્ત છે. કામનું મરણ થાય કેવી રીતે? ભગવાનનાં દર્શન, સ્મરણ, ચિંતન અને કીર્તન વિના એ શક્ય નથી. સેવા અને ભક્તિ એ જ એકમાત્ર સાધન છે. ભાગવત એ ભવરોગની દવા છે. પણ સઘળાં વ્રત પાળવાંજોઈએ મહાપુરુષો વેદશાસ્ત્રની મર્યાદા તોડતા નથી. શ્રીકૃષ્ણ હંમેશાં ચાર વાગે બ્રાહ્મ મુહૂર્તમાં ઊઠતા વલ્લભાચાર્ય મહાપ્રભુજી હંમેશાં ત્રિકાળસંધ્યા કરતા હતા.

મહાપ્રભુજી એક દિવસજગન્નાથ જીના મંદિરમાં ગયેલા. એકાદશી નું વ્રત હતું. એવામાં મંદિરમાંથી હાથમાં સુખડીનો પ્રસાદ આવ્યો. હવે શું કરવું? પ્રસાદ આરોગે તો એકાદશી વ્રતનો ભંગ થાય, અને નથી આરોગતા તો પ્રભુના પ્રસાદનું અપમાન થાય. વ્રત ભંગ કરાય નહીં અને પ્રસાદ પણ છોડાય નહીં.

મહાપ્રભુજીએ બંનેનું પાલન કર્યું. વ્રતની અને પ્રસાદની બંનેની તેમણે મર્યાદા રાખી. આખી રાત તેમણે હાથમાં પ્રસાદ રાખ્યો અને બારસ થઈ, અગિયારશનો દિવસ પૂરો થયો એટલે પ્રસાદ આરોગી ગયા.

પ્રભુની કૃપા મેળવવાનો માર્ગ તે પુષ્ટિમાર્ગ. એ માર્ગ સંસારીઓ માટે સહેલો નથી. જેમનાં ચિત્ત વિષયોમાં ફસાયેલા છે તેમનામાં હરિ-દર્શનનો આવેશ કદી આવે જ નહીં.

શ્રીકૃષ્ણ પણ ગોકુળમાં રહ્યા ત્યાં સુધી બીજા ગોપ બાળકોની જેમ જ રહ્યા છે. ચાર વાનાં એમણે કર્યા નથી: જોડા પહેર્યા નથી, સીવેલાં કપડાં પહેર્યા નથી, હાથમાં અસ્ત્ર કે શસ્ત્ર લીધું નથી, માથાના કેશ ઉતરાવ્યા નથી. આ મર્યાદાનું પાલન કર્યુ જ છે.

જે લોકો પોતાના ગુરુઓ, વડીલો અને માર્ગદર્શકોનો આદર કરે છે તેઓ જ જીવનમાં સાચું જ્ઞાન, સન્માન અને સફળતા પ્રાપ્ત કરે છે. તલવારની લંબાઈ નહીં, બુદ્ધિની ગહનતા અને ગુરુ પ્રત્યેનું સમર્પણ જ મનુષ્યને અજેય બનાવે છે.

# બનાસકાંઠા પોલીસની મોટી સફળતાઃ છાપી વિસ્તારમાં કેબલ ચોરીનો ભેદ ઉકેલાયો, બે આરોપીઓની ધરપકડ



ગરવી તાકાત । બનાસકાંઠા

બનાસકાંઠા જિલ્લામાં મિલકત વિરોધી ગુનાઓ ડામવા માટે પોલીસ એક્શન મોડમાં છે. જિલ્લા પોલીસ વડાની સૂચના હેઠળ છાપી પોલીસે પેટ્રોલિંગ દરમિયાન એક મહત્વની સફળતા મેળવી છે. પોલીસે બાતમીના આધારે સીએનજી રિક્ષામાં ચોરીનો મુદામાલ લઈ જઈ રહેલા બે શખ્સોને ઝડપી પાડ્યા છે. પકડાયેલા આરોપીઓની પૂછપરછ માં છાપી વિસ્તારમાં થયેલી અનેક ચોરીઓના ભેદ ઉકેલાયા છે, જેમાં પોલીસે રિક્ષા અને કેબલ સહિત કુલરુ.૭૫, ૫૭૦નો મુદામાલ જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

બનાસકાંઠા પોલીસે છાપી પોલીસ સ્ટેશન વિસ્તારમાં થયેલી કેબલ ચોરીના ગુનાનો ભેદ ઉકેલી બે આરોપીઓની ધરપકડ કરી છે. પોલીસે તેમની પાસેથી કુલ રુ.૭૫,૫૭૦નો મુદામાલ જપ્ત કર્યો છે. જિલ્લામાં મિલકત સંબંધિત ગુનાઓ શોધી કાઢવા માટે પોલીસ મહાનિરીક્ષક પરીક્ષિતા રાઠોડ અને પોલીસ અધિક્ષક પ્રશાંત સુંબેની સૂચનાના આધારે છાપી પોલીસે આ કાર્યવાહી કરી હતી.નાયબ પોલીસ અધિક્ષક ડો. જે.જે. ગામીત અને પોલીસ ઈન્સ્પેક્ટર વી.પી. આહીરના માર્ગદર્શન હેઠળ, છાપી પોલીસ સ્ટેશનના કર્મચારીઓ પેટ્રોલિંગ કરી રહ્યા હતા. તે દરમિયાન મળેલી બાતમીના આધારે પોલીસે આરોપીઓને સીએનજી રિક્ષા સાથે પકડી પાડ્યા હતા. પકડાયેલા આરોપીઓમાં છાપી જ્યોતિનગર, વડગામના અમરભાઈ રાજુભાઈ પટણી અને મહેંદીપુરા, માહી પાટિયા પાસે, વડગામના વિનુભાઈ જેઠાભાઈ દેવીપૂજકનો સમાવેશ થાય છે. પૂછપરછમાં તેમણે છાપી પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી થયેલી અલગ-અલગ કેબલ ચોરીઓની કબૂલાત કરી હતી.

પોલીસે આરોપીઓ પાસેથી રજીસ્ટ્રેશન નંબર જીજે ૦૮ એટી ૮૮૩૦ વાળી સીએનજી રિક્ષા, ચોરી કરેલા કેબલ, ખુલ્લી મોટરો અને બાળેલા વાયર સહિત કુલ રુ.૭૫,૫૭૦નો મુદામાલ કબજે કર્યો છે.

# 'મોયા મોયા' જેવી દુર્લભ બીમારી સામે હર્ષ બિહોલાનો વિજય.

# આયુર્વેદનો ચમત્કારઃ ૮ વર્ષથી પથારીવશ યુવાનને ગાંધીનગર ની સરકારી આયુર્વેદ હોસ્પિટલે ૩૫ દિવસમાં ચાલતો કર્યો.

ગરવી તાકાત /ગાંધીનગર

મેડિકલ સાયન્સ અને આધુનિક એલોપેથી સારવાર જ્યારે લાચાર સાબિત થાય, ત્યારે ભારતની પ્રાચીન આયુર્વેદ પદ્ધતિ આશાનું કિરણ બનીને સામે આવે છે. આવો જ એક કિસ્સો ગાંધીનગરમાં પ્રકાશમાં આવ્યો છે, જ્યાં 'મોયા મોયા' નામની અત્યંત દુર્લભ અને અસાધ્ય ગણાતી બીમારીથી પીડાતા એક યુવાનને માત્ર ૩૫ દિવસની પંચકર્મ સારવાર દ્વારા ફરી પોતાના પગે ચાલતો કરવામાં આવ્યો છે.

છેલ્લા આઠ વર્ષથી પથારીવશ હર્ષ બિહોલાના પિતાએ પુત્રની સારવાર માટે મુંબઈ, દિલ્હી અને અમદાવાદની ખાનગી હોસ્પિટલોમાં પોતાની આજીવન જમાપુંજીના ૪૦ થી ૫૦ લાખ રૂપિયા ખર્ચી નાખ્યા હતા, છતાં પરિણામ શૂન્ય હતું. અંતે, ગાંધીનગરની સેક્ટર-૨૨ સ્થિત સરકારી આયુર્વેદ હોસ્પિટલના ડો. રાકેશ ભટ્ટના માર્ગદર્શન હેઠળ થયેલી સચોટ સારવાર અને હર્ષના આત્મબળના કારણે આજે આ યુવાન ૭૦ ટકા જેટલો સ્વસ્થ થઈ હોસ્પિટલના કોરિડોરમાં કોઈના પણ ટેકા વગર હરતો-ફરતો થયો છે. આ કિસ્સો આયુર્વેદની શક્તિનો પુનઃ પરિચય કરાવી રહ્યો છે.મેડિકલ સાયન્સમાં ક્યારેક એવા કિસ્સા બને છે જે વર્ષો જૂની આયુર્વેદિક ચિકિત્સા પદ્ધતિની તાકાતનો પુનઃ પરિચય કરાવે છે. ગુજરાતમાં 'મોયા મોયા' નામની અત્યંત દુર્લભ બીમારીનો પ્રથમ કિસ્સો પાટનગરમાં સામે આવ્યો છે. છેલ્લાં આઠ વર્ષથી પથારીવશ અને લાખો રૂપિયાના ખર્ચ બાદ પણ અસહાય બનેલા યુવાનને ગાંધીનગરની સરકારી આયુર્વેદ હોસ્પિટલના પંચકર્મ નિષ્ણાત ડો. રાકેશ ભટ્ટે માત્ર ૩૫ દિવસની સારવારમાં પોતાના પગે ચાલતો કરી દીધો છે.

ગાંધીનગરના સેક્ટર-૨૯માં રહેતા અને કલોલની અરવિંદ મિલમાં નોકરી કરતા દિલીપસિંહ બિહોલાના પુત્ર હર્ષને વર્ષ ૨૦૧૯માં પ્રથમ વખત સ્ટ્રોક આવ્યો હતો. જે બાદ ૨૦૧૮માં બીજા સ્ટ્રોકે તેને સંપૂર્ણપણે પથારીવશ કરી દીધો હતો.પિતાએ દીકરાને સ્વયંભૂ પગભર માટે ગાંધીનગર, અમદાવાદ, મુંબઈ અને દિલ્હીના નામાંકિત તબીબોના ઉંબરા ઘસ્યા હતા.ત્યારે તપાસમાં બહાર આવ્યું કે હર્ષ 'મોયા મોયા' જેવી જટિલ બીમારીથી પીડિત છે. આ બીમારીની સારવાર માટે નાભિમાં ૧૮ હજારની કિંમતના મોંઘા ઈન્જેકશનો અને ભારે એન્ટીબાયોટિક્સ પાછળ પિતાએ પોતાની આજીવન જમાપુંજી અને નોકરીના નાણાં મળીને અંદાજે ૪૦ થી ૫૦ લાખ રૂપિયા ખર્ચી નાખ્યા હતા.

પરિવારે એલોપેથી સારવાર કરાવ્યા બાદ આયુર્વેદિક સારવાર કરાવવાનો નિર્ણય કર્યો. ત્યારે પિતા હર્ષને લઈને સેક્ટર-૨૨ની સરકારી આયુર્વેદ હોસ્પિટલના વૈદ્ય ડો. રાકેશ ભટ્ટ પાસે પહોંચ્યા હતા .ડો. ભટ્ટે હર્ષની નાડી તપાસીને આયુર્વેદિક પદ્ધતિથી નિદાન કર્યુ અને પંચકર્મ ચિકિત્સા શરૂ કરી હતી .માત્ર ૩૫ દિવસની સઘન સારવાર અને તે પણ તદ્દન મફત, જેનું પરિણામ આજે નજર સામે છે. હર્ષ જે બે વ્યક્તિના ટેકા વગર ઊભો થઈ શકતો નહોતો, તે આજે ૭૦ ટકા જેટલો સ્વસ્થ થઈ હોસ્પિટલના કોરિડોરમાં જાતે હરતો-ફરતો થયો છે.

મોયા મોયા એ રક્તવાહિનીઓને લગતી અત્યંત દુર્લભ બીમારી છે. જાપાનીઝ ભાષામાં તેનો અર્થ 'ધુમાડાના ગોટા' જેવો થાય છે. આ રોગમાં મગજને લોહી પહોંચાડતી મુખ્ય



નળીઓ બ્લોક થઈ જાય છે.જેના કારણે મગજ પોતાનો રસ્તો બનાવવા નાની નાની અસંખ્ય રક્તવાહિનીઓ વિકસાવે છે, જે એક્સ-રે કે સ્કેનિંગમાં ધુમાડા જેવી દેખાય છે. આ સ્થિતિમાં દર્દીને વારંવાર સ્ટ્રોક આવવા, લકવો મારવો અથવા માનસિક ક્ષમતા ઘટવા જેવા લક્ષણો જોવા મળે છે. સામાન્ય રીતે આ રોગ જાપાન અને કોરિયામાં વધુ જોવા મળે છે. ભારતમાં તેના કેસ જૂજ હોય છે.

આ અંગે હર્ષના પિતા દિલીપસિંહે જણાવ્યું કે, ડૉ. રાકેશ ભટ્ટ અમારા માટે દેવદૂત સાબિત થયા છે. જે બીમારી માટે અમે લાખો રૂપિયા હોમી દીધા અને આશા છોડી દીધી હતી, ત્યાં આયુર્વેદે મારા દીકરાને નવજીવન આપ્યું છે. મને પૂરો વિશ્વાસ છે કે બાકીની સારવાર પૂર્ણ થતા મારો હર્ષ સંપૂર્ણ સ્વસ્થ થઈ જશે.

આ અંગે સેકટર ૨૨ ની સરકારી આયુર્વેદ હોસ્પિટલમાં પંચકર્મ નિષ્ણાત વૈધ રાકેશ ભટ્ટે જણાવ્યું કે,મોયા મોયા...રોગનો આ ત્રીજો કેસ અહીં આવ્યો છે.પેલા દિલ્હીના બે દર્દીઓને સારવાર અપાઈ હતી. તો ગુજરાતનો આ પ્રથમ કેસ હર્ષ બિહોલાનો છે.

મોયા મોયા બહુ દુર્લભ થતો રોગ છે અને ભારતમાં તો ખૂબ જ ઓછા લોકોને થાય છે. મોટાભાગે આ જાપાન, કોરિયા, ચીન ત્યાં થતો હોય છે. નાના બાળકો અને ૪૦ વર્ષથી ઉપરના જે લોકો હોય છે એ લોકોને આ રોગ થવાની શક્યતા વધારે હોય છે.તો જ્યારે પણ હર્ષરાજ અહીં આવ્યો ત્યારે એના સિમ્ટોમ્સમાં એની વિચારશક્તિ વધારે નહોતી, યાદશક્તિ વધારે નહોતી, બેલેન્સ રાખી નહોતો શકતો, એકાગ્રતાનો અભાવ હતો, ચાલવામાં એને તકલીફ પડતી હતી. ખેંચ પણ આ રોગમાં આવી શકે છે વારંવાર. એનું કારણ છે કે એની અંદર જે રક્તવાહિનીઓ છે એ સાંકડી થતી જાય છે, નેરો થતી જાય છે અને કેટલીક જગ્યાએ બ્લોકેજ પણ રક્તવાહિનીઓમાં થતું હોય છે.

એટલે જે રક્તનું પરિભ્રમણ શરીરમાં થવું જોઈએ, જે ઓક્સિજન શરીરના બધા અંગોમાં પહોંચવો જોઈએ, એ પૂરતો પહોંચી શકતો નથી. એને કારણે ખેંચ, ખાલી ચડવી એટલે કે હાથ પગમાં શૂન્યતા, નબળાઈ આ બધું આ રોગમાં થઈ શકતું હોય છે.

આના નિદાન માટે સ્ટી, સ્ટીછ કે સેરેબ્રલ એન્જીયોગ્રાફી એ બધું થતું હોય છે. એ બધું જ એણે કરાવ્યું હતું અને આજે એના પપ્પા કહે છે કે ૪૦ થી ૫૦ લાખ રૂપિયાનો આજ સુધીમાં એમનો ખર્ચો થયો હતો. વારંવાર થતો આ ડિસીઝ આયુર્વેદમાં તો એને અસાધ્ય રોગોમાં ગણતરી કરી છે, પણ નોર્મલ લાઈફ સાથે તમે જીવી શકો છો. આપણે એ જ પ્રયત્ન કર્યા છે અને એનું પરિણામ આજે ૭૦ થી ૮૦ટકા આપણને જણાઈ રહ્યું છે.

# પાટણ શહેરમાં IPL ક્રિકેટ મેચ પર સટ્ટો રમાડતા એક શખ્સને પોલીસે ઝડપી પાડ્યો



ગરવી તાકાત । પાટણ

પાટણ શહેરમાં આઈપીએલ ક્રિકેટ મેચ પર સટ્ટો રમાડતા એક શખ્સને પોલીસે ઝડપી પાડ્યો બગવાડા દરવાજા નજીક આવેલી એક દુકાન પાસેથી મોબાઈલ આઈડી દ્વારા સટ્ટો રમાડતા આરોપી પાસેથી પોલીસે કુલ ?૧૧,૧૦૦ નો મુદ્દામાલ જપ્ત કર્યો પોલીસે જુગાર ધારા હેઠળ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી પાટણ સીટી બી-ડિવિઝન પોલીસ સ્ટેશનના કર્મચારીઓ ખાનગી વાહનમાં પેટ્રોલીંગ કરી રહ્યા તે દરમિયાન હેડ કોન્સ્ટેબલ દશરથસિંહ ભોપાજીને બાતમી મળી.હતી કે બસ સ્ટેશન સામે આવેલ ન્યુ વિધ્ય પેપર નામની દુકાન પાસે એક શખ્સ એન્ડ્રોઈડ મોબાઈલમાં આઈડી વડે ટાટા આઈપીએલ ટ્રોફીની સનરાઈઝર્સ હૈદરાબાદ અને પંજાબ કિંગ્સ વચ્ચેની મેચ પર સટ્ટો રમાડી રહ્યો બાતમીના આધારે પોલીસે સ્થળ પર જઈ તપાસ કરતા હિતેશ જયંતિલાલ પટેલ (રહે. સુવિધીનાથ સોસાયટી, કાળકા રોડ, પાટણ) નામનો શખ્સ મળી આવ્યો પોલીસે આરોપીના મોબાઈલની તપાસ કરતા તેમાં Thet iger247.com નામની સાઈટ ખુલેલી જોવા મળી જેમાં યુઝરનેમ 'મ્હા૩૨૧' થી લોગીન થયેલું આ આઈડીમાં બેલેન્સ તરીકે ?૩૨૦૦૦.૬૦ દર્શાવતા. અને ચાલી રહેલી ક્રિકેટ મેચના સેશન્સ પર સટ્ટાના આંકડા લગાડેલા જોવા મળ્યા આરોપીએ પૂછપરછમાં જણાવ્યું કે તેણે બે મહિના અગાઉ ગુગલ ક્રોમમાં જાહેરાત જોઈ આ આઈડી ઓનલાઈન મેળવી પોલીસે આરોપી પાસેથી રુ.૧૦,૨૦૦ ની કિંમતનો ઓપો રેનો-૭ પ૨ મોબાઈલ ફોન, રુ.૯૦૦ ની રોકડ રકમ અને સટ્ટાના લખાણવાળા ૪ સ્ક્રીનશોટ પેજ મળી કુલ રુ. ૧૧,૧૦૦ નો મુદ્દામાલ જપ્ત કર્યો આ મામલે પોલીસે આરોપી વિરૂદ્ધ જુગાર અટકાયતી અધિનિયમની કલમ ૧૨૭ મુજબ ગુનો નોંધી વધુ તપાસ હેડ કોન્સ્ટેબલ દશરથજી ભોપાજી ઠાકોરને સોંપી.

બનાસકાંઠામાં હનીટ્રેપનો ખતરનાક ખેલ

# ડીસાના વેપારી પાસે ૫૦ લાખની ખંડણી માંગી, પોલીસ કોન્સ્ટેબલ પણ સંડોવાયો!




ગરવી તાકાત । બનાસકાંઠા

બનાસકાંઠા જિલ્લામાં સોશિયલ મીડિયાના માધ્યમથી વેપારીઓને શિકાર બનાવતી એક ખતરનાક 'હનીટ્રેપ' ગેંગનો પર્દાફાશ થયો છે. પાલનપુરની એક ટોળકીએ ડીસાના એક પ્રતિષ્ઠિત વેપારીને ફેસબુક પર ફ્રેન્ડ રિક્વેસ્ટ મોકલી, પ્રેમજાળમાં ફસાવી તેમની સાથેની અંગત પળોનો વીડિયો ઉતારી લીધો હતો. આ વીડિયોના આધારે વેપારી પાસે રૂ. ૫૦ લાખની તોતિંગ ખંડણી માંગવામાં આવી છે. ચોંકાવનારી વાત એ છે કે, આ આખા કાવતરામાં એક પોલીસ કોન્સ્ટેબલની સંડોવણી પણ સામે આવતા પોલીસ વિભાગમાં ફફડાટ મચી ગયો છે.

આ ટોળકીએ માત્ર વેપારીને જ નહીં, પરંતુ તેમના પુત્રને પણ વીડિયો મોકલી અને પુત્રીના સાસરે વીડિયો વાયરલ કરવાની ધમકી આપી માનસિક ત્રાસ આપ્યો હતો. હાલમાં બનાસકાંઠા એસપીના માર્ગદર્શન હેઠળ આ મામલે સઘન તપાસ અને કાયદેસરની કાર્યવાહી તેજ કરવામાં આવી છે.

પાલનપુરની એક ટોળકીએ ડીસાના વેપારીને સોશિયલ મીડિયા દ્વારા શિકાર બનાવી રૂ.૫૦ લાખ રૂપિયાની ખંડણી માંગી છે. એક યુવતીએ ફેસબુક પર વેપારીને ફ્રેન્ડ રિક્વેસ્ટ મોકલી વિશ્વાસ કેળવ્યો હતો. ત્યારબાદ, વેપારીને ગાડીમાં બોલાવી યુવતીએ તેમની સાથેની અંગત પળોનો વીડિયો ઉતારી લીધો હતો. આ વીડિયો વાયરલ કરવાની ધમકી આપી ટોળકીએ રકમની માંગણી કરી હતી.આ હનીટ્રેપની જાળમાં એક પોલીસ કોન્સ્ટેબલની સંડોવણી પણ સામે આવી છે. હાલમાં આ મામલે કાર્યવાહી હાથ ધરવામાં આવી છે, ડીસાના એક વેપારીને થોડા દિવસ પૂર્વે ફેસબુર પર આવેલી ફ્રેન્ડ રિક્વેસ્ટ સ્વીકાર્યા પછી યુવતીએ થોડા દિવસ વાતચીત કરી વેપારીનો વિશ્વાસ કેળવ્યો હતો.

જે બાદ વેપારી અને યુવતી ડીસાની હોટલમાં સહમતીથી મળ્યા હતા. બાદમાં પાલનપુરમાં એક લગ્ન પ્રસંગે વેપારી ગયા ત્યારે યુવતી સાથે વાતચીત કરી હતી. યુવતીએ ફરી ફોન કરીને મળવા આવવાનું કહીને વેપારીને જીડી મોદી કોલેજ પાછળ બોલાવ્યો હતો અને ગાડીમાં જ અંગત પળો માણતાનો વિડીયો કોઈક રીતે ઉતારી લીધો હતો.યુવતી સાથે સમય પસાર કર્યા બાદ ડીસા પહોંચેલા વેપારી પર અજાણ્યા નંબર પરથી વોટ્સએપ કોલ આવ્યો હતો અને ગાડીમાં વિતાવેલી યુવતી સાથેની અંગત પળોનો વિડીયો મોકલી બ્લેકમેઈલ કર્યો હતો. પરંતુ વેપારીએ પોતાની સાથે બનેલી ઘટના મિત્રને જણાવતા મિત્રએ બનાસકાંઠા એસપીનો સંપર્ક કર્યો હતો અને મોબાઈલ નંબરના આધારે તપાસ હાથ ધરી હતી.

દરમિયાન આરોપીએ વોટ્સએપ કોલ કરીને તમે પોલીસને જાણ કરીને ખોટું કર્યુ છે કહીં પોલીસમાં અમારા માણસો છે તો હવે તમારે વિડીયો દીકરાને મોકલું છું એમ કહીને દીકરાને પણ વિડીયો મોકલ્યો હતો અને તમારી દીકરી મહેસાણા પરણાવી છે ત્યાં પણ વિડીયો મોકલીશ તેમ જણાવતા વેપારીએ આજીજી કરી હતી અને સમાધાન માટે ગેંગના સભ્યોએ ૫૦ લાખની માંગણી કરી હતી.

# વિજાપુરના પિલવાઈ પટેલપુરાથી જોડેશ્વર મહાદેવ માર્ગના કામનું ખાતમૂહૂર્તઃ રુ.૧.૨૦ કરોડના ખર્ચે બનશે નવો રોડ



વિજાપુર તાલુકાના પિલવાઈ પટેલપુરાથી જોડેશ્વર મહાદેવને જોડતા મહત્વના માર્ગના નવીનીકરણનો પ્રારંભ કરવામાં આવ્યો છે. ગુજરાત રાજ્ય માર્ગ અને મકાન વિભાગ દ્વારા અંદાજે રુ.૧.૨૦ કરોડના ખર્ચે તૈયાર થનારા ૧.૨૫૦ કિલોમીટર લાંબા સીસી અને ડામર રોડનું ખાતમૂહૂર્ત સ્થાનિક ધારાસભ્ય ડૉ. સી.જે. ચાવડાના વરદ હસ્તે કરવામાં આવ્યું હતું. આ વિકાસ કાર્ય શરૂ થતાં સ્થાનિક રાહદારીઓ અને ગ્રામજનોમાં ખુશીનો માહોલ જોવા મળી રહ્યો છે.

વિજાપુર તાલુકાના પિલવાઈ પટેલપુરાથી જોડેશ્વર મહાદેવ માર્ગ થઈ મહેસાણા હાઈવે સુધીના આશરે ૧.૨૫૦ કિલોમીટર લાંબા સીસી અને ડામર રોડના કામનું ખાતમૂહૂર્ત કરવામાં આવ્યું છે. ગુજરાત રાજ્ય માર્ગ અને મકાન વિભાગ દ્વારા અંદાજે રૂ. ૧.૨૦ કરોડના ખર્ચે હાથ ધરાયેલા આ કાર્યનો પ્રારંભ સ્થાનિક ધારાસભ્ય ડૉ. સી.જે. ચાવડાના અધ્યક્ષ સ્થાને થયો હતોઆ માર્ગ નિર્માણ કાર્યથી સ્થાનિક લોકોને અવરજવર માટે મોટી સુવિધા મળશે. લાંબા સમયથી આ રોડની માંગણી હતી, જેના કારણે વિકાસ કાર્યનો પ્રારંભ થતાં ગ્રામજનોમાં સંતોષ જોવા મળ્યો છે.

આ પ્રસંગે જિલ્લા પંચાયતના સદસ્ય જીગ્નેશભાઈ પટેલ અને કનકસિંહ વિહોલ, તાલુકા મહામંત્રી ગોવાભાઈ ચૌધરી, જિલ્લા ભાજપના મંત્રી રાજેશભાઈ પટેલ જેપુર સહિત કાર્યકર્તાઓ, ગામના સરપંચ અને આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. ઉપસ્થિત આગેવાનોએ વિકાસલક્ષી કાર્યોને વધુ વેગ આપવાનો સંકલ્પ વ્યક્ત કર્યો હતો.

# મહેસાણાના 'સખી' સેન્ટરે માનવતા મહેકાવીઃ વર્ષોથી વિખૂટી પડેલી પોરબંદરની મહિલાનું પરિવાર સાથે કરાવ્યું મિલન

મહેસાણા માહિતી બ્યુરો

સેવા અને સમર્પણના સમન્વય સમાન મહેસાણાના 'સખી' વન સ્ટોપ સેન્ટરે ફરી એકવાર એક પરિવારની વિખૂટી પડેલી ખુશીઓ પરત લાવીને માનવતાનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું છે. માનસિક અસ્વસ્થતા અને કૌટુંબિક વિખવાદોને કારણે પોરબંદરથી ભટકીને મહેસાણા આવી ચઢેલી એક મહિલાને સુરક્ષિત આશ્રય આપી, તેનું સચોટ કાઉન્સેલિંગ કરી 'સખી' સેન્ટરની ટીમે તેને તેના પરિવાર સાથે મિલાવી છે. વર્ષોના વિરહ બાદ સ્વજનની મુલાકાત થતાં જ પરિવારમાં અત્યંત ભાવુક દ્રશ્યો સર્જાયા હતા અને સેન્ટરની કામગીરીની સર્વત્ર પ્રશંસા થઈ રહી છે.

મહેસાણા જિલ્લામાં કાર્યરત 'સખી' વન સ્ટોપ સેન્ટરે ફરી એકવાર માનવતાનું ઉત્કૃષ્ટ ઉદાહરણ પૂરું પાડ્યું છે. માનસિક તણાવને કારણે પોરબંદરથી ભૂલથી મહેસાણા આવી ચઢેલી એક મહિલાને શોધી, તેના પરિવાર સાથે મિલન કરાવીને સેન્ટરે પોતાની સાર્થકતા સાબિત કરી છે. વર્ષો બાદ



વિખૂટા પડેલા સ્વજનને પરત મેળવતા જ પરિવારમાં ભાવુક દ્રશ્યો સર્જાયા હતા.

ભારત સરકારના મહિલા અને બાળ વિકાસ વિભાગ હેઠળ, મહેસાણા કલેક્ટર અને જિલ્લા મહિલા બાળ અધિકારીના માર્ગદર્શનમાં આ સેન્ટર ૨૪ કલાક કાર્યરત છે. પોરબંદરના શહેરી વિસ્તારની એક મહિલા માનસિક અસ્વસ્થતાને કારણે રસ્તો ભૂલીને મહેસાણા આવી પહોંચી હતી. પોતાની ઓળખ આપવામાં અસમર્થ એવી આ મહિલાની સુરક્ષાને ધ્યાને રાખી મહેસાણા પોલીસે તેને 'સખી' સેન્ટરને સોંપી હતી.

સેન્ટરના સંચાલક પુષ્પાબેન ચૌહાણ અને તેમની ટીમ દ્વારા મહિલાને જરૂરી તબીબી સારવાર અને પ્રેમભર્યું કાઉન્સેલિંગ આપવામાં આવ્યું હતું. શરૂઆતમાં પોરબંદર વહીવટી તંત્ર સાથેના સંપર્કમાં સફળતા ન મળી, છતાં ટીમે હાર માન્યા વગર પ્રયત્નો ચાલુ રાખ્યા હતા. વારંવારના કાઉન્સેલિંગના અંતે મહિલાએ પોતાનું નામ જણાવતા, સેન્ટરની ટીમ તેને રૂબરૂ પોરબંદર લઈ ગઈ હતી, જ્યાં સ્થાનિક તપાસ દ્વારા આખરે તેના પરિવારનો પતો મળ્યો હતો.

પરિવારના જણાવ્યા અનુસાર, મહિલાના પ્રથમ લગ્ન બાદ પતિના ત્રાસ અને દીકરીને છીનવી લઈને અપાયેલા છૂટાછેડાને કારણે તેની માનસિક સ્થિતિ બગડી હતી. બીજા લગ્ન બાદ પણ પતિના બિનજવાબદાર વર્તનને કારણે તે હતાશ થઈને ઘરેથી નીકળી ગઈ હતી. દીકરીને સહી-સલામત પરત મેળવીને ગદગદિત થયેલા માતા અને પરિવારજનોએ મહેસાણા જિલ્લા વહીવટી તંત્ર અને 'સખી' સેન્ટરની કામગીરીની મુક્તકંઠે પ્રશંસા કરી આભાર વ્યક્ત કર્યો હતો.

Volume : 12 Issue : 21 Owner, Publishers, Printer & Editor : Prakashbhai R. Chaudhary, At: 5, Sarsavati Society, Nagalpur Highway Road, Mehsana- (N.G) 384002
Place Of Publication : 9, Ambica Complex, S.T. Work Shop Road Near Bhamriya Nala, District Mehsana • Printed at : GARVI TAKAT OFFSET-5, Ambika Complex, T.B. Road, Mehsana- 384002